BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# દ રોઝ બ્રૅમ્પટન અત્યારે સેંટર સ્ટેજ કન્ઝરવન્સી તાલીમ પ્રોગ્રામ માટે અરજીઓ સ્વીકારી રહ્યા છે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (19 નવેમ્બર 2021) – દ રોઝ બ્રૅમ્પટન અત્યારે તેમના સેંટર સ્ટેજ કન્ઝરવેટરી માટે અરજીઓ સ્વીકારી રહ્યા છે, એક એવો તાલીમ પ્રોગ્રામ જેમાં બ્રૅમ્પટનના યુવા કલાકારો વિશેષજ્ઞ હોય એવા અધ્યાપકો પાસેથી વ્યવસાયિક વિકાસની તકો પૂરી પાડે છે.

પ્રોગ્રામ યુવા કલાકારોને સમર્થન આપે છે અને સંગીતકારો, અભિનેતાઓ, કોરિયોગ્રાફરો, સંગીત નિર્દેશકો, રેપર્સ, હાસ્ય કલાકારો સહિત તમામ કલાત્મક શાખાઓ પાસેથી રજૂઆતો પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કરે છે.

બ્રૅમ્પટન તકોનું શહેર છે અને સેંટર સ્ટેજ કન્ઝરવન્સીથી યુવા કલાકારો વિકસી શકે તે માટે જગ્યા ઊભી કરે છે, વાર્તાલાપો થાય છે અને સંસાધનો સર્જાય છે, અને તેનું લક્ષ્ય બ્રૅમ્પટનનાં કલાત્મક સમુદાયનો વિકાસ અને તેમનામાં પરિવર્તન લાવવાનું છે.

ઑડિશન માટે બ્રૅમ્પટન અને આસપાસના વિસ્તારના 12 થી 18 વયના યુવાનો પાત્ર છે. પ્રોગ્રામમાં સહભાગિતા મફત છે અને અગાઉ જે યુવાનોએ પ્રોગ્રામમાં ભાગ લીધો હોય તેઓ પણ ફરી અરજી કરવા આવકાર્ય છે.

સફળ અરજદારો વર્ચુઅલ માસિક કાર્યશાળાઓ એટલેકે વર્કશોપ્સમાં ભાગ લેશે જે વિવિધ વિષયો પર હશે જેમાં સામેલ છે વોઇસ, સાહસિકતા, ટેકનોલોજી, સ્ટોરીટેલિંગ અને બીજું બધું પણ જે અગ્રણી કલાકારો કે જે તે ક્ષેત્રના પ્રેક્ટિશનરો શીખવશે. સહભગીઓ અંતિમ શોનો વિકાસ કરશે અને તેનું રિહર્સલ કરશે. 2021-2022 અધ્યાપકોમાં સામેલ છે ડેરિન ડીસોઝા (Darryn DeSouza) (સંગીત), યોલાન્ડા બોનેલ (Yolanda Bonnell) (અભિનય), માર્કસ હાર્વૂડ જોન્સ (Markus Harwood-Jones) (લેખન), મૅટ ઝેડી (Matt Zaddy) (ટેક), કીશા બ્રાઉની (Keesha Brownie) (માર્કેટિંગ) અને ટ્રેવિસ નાઇટ્સ (Travis Knights) (નૃત્ય).

રજી કરવા માટે રસ ધરાવનાર કલાકારોએ બે થી છ મિનિટનો વિડિયો રજૂ કરવાનો રહેશે જેમાં સામેલ હશે પરિચય, પરફોર્મન્સના નમૂનાનું શિર્ષક અને લેખક/સર્જક. અરજી આપવાની અંતિમ તારીખ 29 નવેમ્બર 2021 છે. અરજીઓ અહીં મોકલી શકાશે rose.education@brampton.ca. વધુ માહિતી માટે, www.onesight.orgની મુલાકાત લો.

**સુવાક્યો**

"બ્રૅમ્પટન તકોનું શહેર છે અને સેન્ટર સ્ટેજ કન્ઝર્વન્સીની પુનરાગમન અને અમારા યુવા કલાકારોને માર્ગદર્શન અને સફળતા માટેની તકો પૂરી પાડવાની તક જોઈને હું રોમાંચિત છું. બ્રૅમ્પટનમાં એક સમૃદ્ધ કલા ફલક છે, અને આવા કાર્યક્રમો ભવિષ્યના વિકાસ અને સફળતા માટે આપણા કલાકારોને વિકસાવવામાં મદદ કરશે.

The Corporation of The City of Brampton
2 Wellington Street West, Brampton, ON L6Y 4R2 311 TTY: 905.874.2130

– *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"દ રોઝની સેંટર સ્ટેજ કન્ઝરવન્સી બ્રૅમ્પટનના યુવા કલાકારોનો વિકાસ થાય અને ખીલે તે માટેના ટૂલ્સ અને સંસાધનો પૂરા પાડે છે. આ મફત પ્રોગ્રામ આપણા યુવા કલાકારોને પોતાની જાતને સફળ કલાકારો બનવા માટેના ટૂલ્સ અને સંસાધનો પૂરા પાડે છે."

– *હરકિરત સિંઘ, સિટી કાઉન્સિલર, વૉર્ડ 9અને 10, પ્રમુખ, કોર્પોરેટ સર્વિસિસ, સીટી ઓફ બ્રૅમ્પટન*

"સિટી ઓફ બ્રૅમ્પટન એક મોઝેક છે જ્યાં આપણે આપણી સંસ્કૃતિ, સર્જનાત્મકતા અને સમુદાયને વધાવી લઈએ છીએ. સેંટર સ્ટેજ કન્ઝરવન્સી યુવા કલાકારોને એવી એક અપવાદરૂપ તક પૂરી પાડે છે જેથી તેઓ ઉદ્યોગના તજ્જ્ઞો સાથે સંકળાઇ શકે અને તેમની પાસેથી શીખી શકે જેથી આપના ખીલતા કલાના ફલકને યોગદાન આપતા કલાકારો તરીકે વિકસિત થવા તેમને મદદ મળે."

– *ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**દ રોઝ બ્રૅમ્પટન** તે બ્રૅમ્પટનનું પ્રિમિયર પરફોર્મિંગ આર્ટ્સનું સ્થળ છે અને તે ડાઉનટાઉનના હાર્દની એક આઇકોનિક લાક્ષણિકતા ગણી શકાય. શહેરના એક મહત્ત્વપૂર્ણ ભાગ તરીકે તે સ્થાનિક અને વિશ્વ વિખ્યાત કલાકારો માટેનું ગંતવ્ય સ્થાન છે જે બ્રૅમ્પટન અને બહારના લોકો એક જોરદાર સેટિંગમાં બહોળી શ્રેણીની પ્રતિભાઓનો અનુભવ કરવાની તકો પૂરી પાડે છે. સ્થાપત્ય અને ધ્વનિતંત્રની દ્રષ્ટીએ ઉત્કૃષ્ટ હોવાથી દ રોઝ એવું સ્થાન છે જ્યાં બ્રૅમ્પટનમાં જાન ફૂંકાય છે. Therosebrampton.ca પર વધુ જાણકારી લો.

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
પ્રભજોત કૈન્થ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ (Media and Community Engagement)
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca